**દિ.મુ નં : ૯૫/૨૦૨૪**

**:: આંક–૫ ની અરજી લગત હુકમ ::**

---

(૧) વાદીએ મુળ દાવો જાહેરાત, કાયમી મનાઈ હુકમ મેળવવા માટે કરી તે લગત હાલની અરજી કરી દાવાના આખરી નિર્ણય સુધીનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે અરજ ગુજારેલ છે.

(૨) હાલની અરજી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની અરજી છે આથી વાદીએ પુરવાર કરવાનુ રહે છે કે તેઓનો કેસ પ્રથમ દર્શનીય છે, સગડવતા અગવડતાની તુલા તેઓની તરફેણમા છે તથા જો હાલની અરજી મંજુર કરવામા ન આવે તો નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જવાની સંભાવના રહેલ છે.

(૩) વાદીની દાવા અરજીની હકીકતો મુજબ વાદીના કબજા ભોગવટા વાળી માલિકની મિલકત મોજે પડવાણીયા,તા.ઝઘડીયા માં જુનો સર્વે નં. ૧૦ હિસ્સા નંબર અ જેનો સર્વે નં. ૮/૧ જેનુ ક્ષેત્રફળ ૩–૮૯–૦૦ હે.આરે.ચોમી નું છે. આ પ્રકારની હકીકત દાવા અરજીમા જણાવી વાદી દાવા અરજીમા જણાવે છે કે, ૩૦ ગુંઠા જમીન વાદીના પિતાને આ કામના પ્રતિવાદીના વડીલ ભગવાનસિંહ નાઓએ તા. ૦૪/૦૬/૧૯૬૨ ના રોજ રૂા. ૯૯ લઈને કબજા રસીદથી કબજો સોપી આપેલ. ત્યારબાદ પુરેપુરો કબજો વાદીઓનો ચાલી આવેલ અને વાદીઓના પિતા સદર મિલકતમા મકાન બનાવીને ખેતી કરતા આવેલ. રેવન્યુ ઉતારામા સને ૧૯૬૬–૬૭ થી ૧૯૬૭–૬૮ તથા ૧૯૬૮–૬૯ માં વાદીના પિતાનુ નામ પણ

ચાલી આવેલ. વાદીની દાવા અરજીની હકીકતો મુજબ વાદીના પિતા અભણ તેમજ અનુસુચિત જાતિના હોવાથી કાયદાકીય જ્ઞાન ધરાવતા ન હતા આથી પ્રતિવાદીના વડીલે પોતાનુ નામ ચાલુ રાખેલ હતુ. હાલ વાદી દાવાવાળી જમીનનો કબજો ધરાવતા આવેલા છે અને પ્રતિવાદીઓ સદર કબજામા હેલો હરકત કરતા હોઈ વાદીએ હાલનો દાવો કરેલ છે. વાદી તરફે નિ. ૩/૧ થી નિ. ૩/૭ સુધીના દસ્તાવેજો રજુ રાખેલા છે.

(૪) પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ નોટીસ બજી જતા પ્રતિવાદીઓએ હાજર થઈ આંક–૧૦ થી લેખિત જવાબ રજુ રાખેલ છે જે વાદીની દાવા અરજીની હકીકતો સમગ્રપણે નકારી ખરી હકીકતે જણાવેલ છે કે, માત્ર ૩૦ ગુંઠા જમીન જે તે સમયે ખેડવા માટે આપેલ હતી. આ સંબંધે કોઈ જ વેચાણ દસ્તાવેજ થયેલ નથી. વાદી જાણ આખી જમીનના માલિક બની ગયા હોય તેમ ખોટી રીતે દાવો કરેલ છે. ખરેખર પ્રતિવાદીઓ સદર આખી જમીનના માલિક અને કબજે ભોગવટેદાર છે. આથી વાદીની હાલની અરજી ના મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) સદર કામે વાદીની દાવા અરજીની હકીકતોએ વાદીનો કેસ પ્રથમ દર્શનીય છે કે નહી તે સંદર્ભે વિચારણા કરવામા આવે તો વાદીનો મુળ આધાર નિ. ૩/૧ થી રજુ એક કબજા રસીદની નકલ છે. આ કબજા રસીદ મુજબ તા. ૦૪/૦૬/૧૯૬૨ ના રોજ કુબેરભાઈ ભાણભાઈ નાઓને ભગવાનસિંહ નાથાબાવા નાઓએ સર્વે નં. ૧૦ પૈકીની ૩૦ ગુંઠા જમીનનો ખેડ હકક કબજો સોપી આપેલો. સદર કબજા રસીદ મુજબ ભગવાનસિંહ નાઓ આ જમીનના ગણોતીયા

હતા અને મુળ માલિક નટવરલાલ હતા અને હપ્તેથી ટેનન્સી હકે રાખવામા આવેલી. સદર કબજા રસીદ અંગે વિચારણા કરતા માત્ર ખેડ હકક અને તે પણ માત્ર ૩૦ ગુંઠા જમીન પુરતો આપવામા આવેલો છે. ત્યારબાદ સદર ૩૦ ગુંઠા જમીન વાદીના પિતાએ પોતાના નામે કરાવવા શું કાર્યવાહી કરી તે લગતના કોઈ જ પ્રથમ દર્શનીય પુરાવા વાદી તરફે રજુ રાખવામા આવેલા નથી. વધુમા સને ૧૯૬૨ થી આજદીન સુધી સદર ૩૦ ગુંઠા જમીન બાબતે વાદીના પિતાએ કે તેમના વારસોએ શુ કાર્યવાહી કરી તે વાદી તરફે રજુ નથી. વાદીના પિતા ધ્વારા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈ મુજબ ૩૦ ગુંઠા જમીન વાદીના પિતાના નામે ટ્રાન્સફર થઈ હોય તેવો કોઈ આધારભુત પ્રથમદર્શનીય પુરાવો વાદી તરફે રજુ નથી. સદર ૩૦ ગુંઠા જમીનનો કબજો સતત અવિરત વાદીના પિતા ધરાવતા હતા અને વાદીના પિતા બાદ તેમના વારસોનુ નામ દાખલ થયુ હોય તેવા પણ કોઈ પુરાવા વાદી તરફે રજુ નથી. વધુમા માત્ર ૩૦ ગુંઠા જમીનની માત્ર ખેડ હકક કબજા પાવતીના આધારે આખી સર્વે નં. ૮/૧ પર પોતાનો કબજો હોવાનુ વાદી જણાવતા હોય તો તે અંગે પણ વાદી તરફે કોઈ જ પ્રથમદર્શનીય પુરાવા રજુ રાખવામા આવેલ નથી.

(૬) ઉપરોકત ચર્ચા મુજબ વાદીનો કેસ પ્રથમદર્શનીય હોવાનુ પુરવાર કરવામા વાદી નિષ્ફળ ગયેલ છે. સગવડતા અગવડતાની તુલા પ્રતિવાદીની તરફેણમા હોવાનુ જણાય છે. વાદી તરફે એવા કોઈ જ પ્રથમદર્શનીય પુરાવા રજુ રાખવામા આવેલ નથી કે જેથી માની શકાય કે તેઓને નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જવાની

સંભાવના છે. આમ, હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી ના હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>::–હુકમ–::</u>**

(૧) વાદીની હાલની અરજી નામંજુર એટલે કે રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૦૯/૦૬/૨૦૨૬<br>સ્થળ: ઝઘડીયા. | (ઈ.આર.ક્ષત્રિય)<br>પ્રિન્સીપાલ સીની.સિવીલ જજ<br>ઝઘડીયા.જી.ભરૂચ.<br>**યુનીક જજ કોડ – જી.જે.૦૧૧૯૭** |